## <u>રેગ્યુલર દીવાની દરખાસ્ત નં. ૮૧/૨૦૨૪</u>

## <u>ORDER BELOW EX- 1</u>

(૧) આજરોજ દરખાસ્તનુ રેકર્ડ વંચાણે લીધુ. સદર દરખાસ્તા તા.૨૮/૦૩/૨૦૨૪ ના રોજ દાખલ કરવામા આવેલ છે. આ કામે લાંબા સમયથી સામાવાળાની જંગમ મીલ્કત જપ્તી વોરંટની બજવણી માટે અવારનવાર જંગમ મીલ્કત જપ્તી વોરંટ ઈસ્યુ કરવામા આવેલ છે પરંતુ વાદીની ગેરહાજરીના કારણે જપ્તિ વોરન્ટ બજી સકેલ નથી. તેમજ તા.૨૮/૦૧/૨૦૨૬ તા.૨૦/૦૨/૨૦૨૬ તથા તા.૦૬/૦૩/૨૦૨૬ નો શેરો ધ્યાને લેતા વાદીને જાણ કરવા છતા વાદી બજવણી સારૂ આવેલ ન હોઈ વાદીની ગેરહાજરીના કારણે જપ્તિ વોરન્ટની બજવણી કરાવેલ નથી. તથા આજ રોજ કોર્ટમા હાજર રહી આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ દરખાસ્ત **બે વર્ષ જુનિ** હોવા છતા વાદી દવારા જપ્તિની કાર્યવાહી કરાવેલ નથી તથા જપ્ત કરવાની જંગમ મિલ્કતની કોઈ માહીતી પુરી પાડેલ નથી તથા પ્રતિવાદી પૈસા ભરી સકે તેવી સ્થિતીમા ન હોઈ તેવુ વાદી જણાવતા હોઈ દરખાસ્તની બજવણીની કાર્યવાહીમા વાદીને કોઈ રસ હોય તેવુ જણાઈ આવતુ નથી. તેમજ નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા તેમના **Periyammal (Dead) Through Lrs Versus V.Rajamani** ના ચુકાદામા પેરા ન.૭૪, ૭૫ મા આપેલ આદેશ મુજબ," 74. The mandatory direction contained in Para 42.12 of Rahul S.Shah (supra) **requiring the execution proceedings to be completed within six months from the date of filing,** has been reiterated by this Court in its order in Bhoj Raj Garg vs. Goyal Education and Welfare Society & Ors., Special Leave Petition (C) Nos. 19654 of 2022. 75. In view of the aforesaid, we direct all the High Courts across the country to call for the necessary information from their respective district judiciary as regards pendency of the execution petitions. Once the data is collected by each

of the High Courts, the High Courts shall thereafter proceed to issue an administrative order or circular, directing their respective district judiciary to ensure that the **execution petitions pending in various courts shall be decided and disposed of within a period of six months without fail** otherwise the concerned presiding officer would be answerable to the High Court on its administrative side. Once the entire data along with the figures of pendency and disposal thereafter, is collected by all the High Courts, the same shall be forwarded to the Registry of this Court with individual reports.". તેમજ નામ સુપ્રીમ કોર્ટ દ્વારા Rahul S. Shah v. Jinendra Kumar Gandhi ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ છે કે બજવણી અરજી છ મહીનામા ડીસાઈડ કરવી જોઈએ અને છ મહીનામા ડીસાઈડ ન થાય અને જો વાદી તરફે યોગ્ય કારણ રજુ કરવામા આવેલ હોય તો જ બજવણી માટે વધુ સમય લંબાવવો જોઈએ. આમ ઉપર ચર્ચા કર્યા મુજબ સદર દરખાસ્ત માત્ર દરખાસ્તદારની ગેરહાજરી તથા કસુરના કારણે અમલ બજવણી થઈ શકેલ નથી અને દરખાસ્તદાર દવારા દરખાસ્તની બજવણી સારૂ સમય લંબાવવા માટે કોર્ટમા હાજર રહી કોઈ યોગ્ય અને ન્યાયીક કારણો આપેલ ન હોઈ જેથી અત્રેની દરખાસ્ત દરખાસ્તદારની કસુરના કારણે ફેંસલ (ડી.ડી.) કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**સ્થળ : ધ્રાંગધ્રા** **(એસ.જે. બિહારી)**
**તારીખ : ૦૬/૦૩/૨૦૨૬** **એડિશનલ સીવીલ જજ,ધ્રાંગધ્રા.**